**અય સંદેશવાહક, તમારા માલિક તરફથી જે પ્રગટ કરવામાં આવ્યુ તેની ઘોષણા કરો, અને તેમ નહી કરો તો જાણે સંદેશા પાઠવવાનુ કર્તવ્ય (જરાપણ) તમે પૂર્ણ કર્યુ નથી. અને લોકોથી અલ્લાહ આપનું રક્ષણ કરશે.**

**(કુર્આન, પ્રકરણ ૫, શ્લોક ૬૭)**

# શું પયગંબર સાહેબે અનુગામીની નિમણુંક કરી હતી?

**શીયાઓ માને છે કે ગદીર ખુમ્મના દિને અલી બીન અબી તાલીબ (અ.સ.) ને પોતાના અનુગામી નિમીને પયગંબર સાહેબે કુરઆનના શ્લોકની ઘોષણાનું પાલન કર્યું હતું.**

## શું મૌલાના શબ્દનો અર્થ મિત્ર નથી થતો?

દરેક યુગના અને વિવિધ દ્રષ્ટિ બિંદુ ધરાવતા સુન્ની વિધ્વાનોએ આ પ્રસંગનુ અને પયગંબર સાહેબના ઐતિહાસિક શબ્દોનું સમર્થન કર્યુ છે. પરંતુ નબી સાહેબના અવસાન પછી વાસ્તવમાં જે થયુ તેનો સ્વીકાર તેમના માટે દુઃખદાયી છે. આ ઘટનાઓનું વિસ્તૃત વર્ણન આ લઘુ લેખના ક્ષેત્રની બહાર છે. નબી સાહેબ અલીને મુસ્લીમોના માત્ર મિત્ર અને સહાયક તરીકે ઘોષિત કરવા ઇચ્છતા હતા તેવો સુન્ની વિધ્વાનોના દાવો મહત્વનુ સ્થાન ધરાવે છે.

આ પ્રસંગના વિવિધ પાસાઓથી ફલિત થાય છે કે તેની મહત્તા ઘણી વિશેષ હતી. પવિત્ર કુર્આનના વિવિધ શ્લોકોનું પ્રગટ થવું, વિશાળ જન સમુદાય. નબી સાહેબના આયુષ્યનો અંતિમ સમય, આપની ઉચ્ચતમ અધિકારોનું પ્રજા દ્વારા પ્રતિપાદન, પછી ઉમરના અભિનંદન અને બીજા અનેક ઘટકો - જેનો ઉલ્લેખ આ ટૂંકા લેખમાં શક્ય નથી - રસુલના અનુગામીના પધ ધારણ પ્રસંગ ભણી દોરી જાય છે. 'મૌલા' શબ્દ પ્રયોગ  પયગંબર સાહેબ પછી આશિક અથવા હંગામી નહીં પણ સંપૂર્ણ અને દિર્ધ સત્તાના સંદર્ભમાં પ્રજાયો હતો તે દિવા જેવું સ્પષ્ટ છે.

## નિર્ણાયંક કસોટી

ઐતિહાસિક મહત્વ ધરાવતા આ નિવેદન પ્રત્યે શંકા સેવતા અને તેની પર ઢાંક પીછાડોના પ્રયાસ કરતા લોકો માટે નિર્ણાયક ઘટનાઃ

ગદિર ઘટનાના સૈકાઓ પછી આપની ખિલાફત દરમ્યાન પયગંબર સાહેબના સાથી અનસ-બીન-મલીકને ઈમામ અલી (અ.સ.) એ પૂછ્યું "ગદિરના દિવસે અલ્લાહના સંદેશવાહકથી જે સાંભળ્યુ તેનુ પ્રતિપાદન ઉભા થઇ શા માટે નથી કરતા?' તેણે ઉત્તરમાં જણાવ્યું, "અમીર અલ મુમેનીન, હું ઘરડો થઇ ગયો છું અને મને કંઈજ યાદ નથી." આ સાંભળતા અલી (અ.સ.) એ કહ્યું, "તમે ઈરાદા પૂર્વક જુઠુ બોલતા હો તો અલ્લાહ તમારી પાઘડીથી છુપાવી ન શકાય તેવા કોઢના દાગથી તમને ભરી દયે." અને અનસ પોતાની બેઠક પરથી ઉઠે પહેલા તેનુ મુખ સફેદ દાગોથી ભરાઈ ગયું હતું.

પયગંબર સાહેબની ઘોષણાની પૃષ્ટિ કરતા સુન્ની વિધ્વાનોના ઘણા પુસ્તકો ઉપલબ્ધ છે. આમાથી ઘણા વિધ્વાનો રસુલ (સ.) ની ઘોષણાનો માત્ર ઉલ્લેખ જ નહી તેની અધિકૃતતાનુ સમર્થન પણ કરે છે. લઘુ સૂચિ નીચે છેઃ

**ગદીર ખુમ્મના પ્રસંગની અધિક માહિતી માટે પધારોઃ**

http://al-islam.org/ghadir

## ગદીર ખુમ્મના દિવસે શું થયું હતું?

મદીનાના માર્ગ પર મક્કાથી થોડા માઇલના અંતરે ગદીર ખુમ્મ નામનું સ્થળ છે. હજ્જ માસની ૧૮મી તારીખે (૧૦ માર્ચ, ૬૩૨) અંતિમ યાત્રા કરી પયગંબર સાહેબ પાછા ફરતાં હતા ત્યારે, "અય સંદેશવાહક, તમારા માલિક તરફથી ..." શ્લોક પ્રગટ થયો હતો. આથી મક્કાથી પાછા ફરતા આપના સહાધ્યીયોને, જેઓ આ સ્થળેથી સ્વવતન પાછા ફરવાના હતા, આ સંદેશો પાઠવવા આ સ્થળે પડાવ નાખ્યો. આપના આદેશ પ્રમાણે વૃક્ષોની ડાળીઓ કાપી ખાસ મંચ તૈયાર કરવામાં આવ્યો. મધ્યાન નમાજ પછી આપે આ મંચ પર આસન જમાવી વિશાળ મેદની સમક્ષ પોતાનું અંતિમ પ્રવચન કર્યું ત્યારે આપની આયુષ્યના માત્ર ત્રણ માસ બાકી હતા.

ઈમામ અલી (અ.સ.) નો હાથ ઉંચો કરી પયગંબર સાહેબે આપના અનુયાયીઓને સંબોધન પૂર્વે પૂછ્યુ, "તમો શ્રધ્ધાળુઓ કરતા મારા અધિકારો અધિક (અવ્લા) છે કે?" "અય અલ્લાહના રસુલ, હા, તેમજ છે." લોકોએ પ્રત્યુત્તર વાળ્યો. આ પ્રસંગની આ વિશેષતા છે.

પછી આપે નિવેદન કરતાં કહ્યું, "હું જેનો નેતા (મૌલા) છું તેનો અલી પણ નેતા છે. અય અલ્લાહ. તેના (અલીના) મિત્રનો મિત્ર થજે અને તેના શત્રુનો શત્રુ."

આપનું નિવેદન સમાપ્ત થતાં તુરતજ કુર્આનનો આ શ્લોક પ્રગટ થયો. "આજે મે તમારો ધર્મ પરિપૂર્ણ કર્યો અને મારા સંદેશાઓ પાઠવવાનું તમારૂં કર્તવ્ય પૂરૂ થયુ. અને મને હર્ષ છે કે મુસ્લીમો માટે મે ઇસ્લામ પસંદ કર્યો." (કુર્આન ૫:૩)

આ સંબોધન પછી આપે અલી (અ.સ.) ને અભિનંદન આપી અલી પ્રત્યે વફાદારીની પ્રતિજ્ઞા લેવા દરેકને આહવાન કહ્યું. આ કરવાવાળાઓમાં ઉમર બીન અલ ખત્તાબ હતાં જેમણે કહ્યું, "ઇબ્ન અબી તાલીબ ઘણુંજ સારૂ થયું. આજે આપ સઘળા સ્ત્રી-પુરૂષ શ્રધ્ધાળુઓના નેતા થઇ ગયા."

ગદીર ખુમ્મનો પ્રસંગ સાંભળી એક અરબ પયંગબર સાહેબ પાસે આવ્યો અને કહ્યું, "દેવો નથી પરંતુ અલ્લાહ છે અને આપ અલ્લાહના સંદેશવાહક છો તેનાથી અમોને વચનબધ્ધ કર્યા. અમો થયા. પાંચ વખત નમાજ પડવાનો આદેશ અમોએ માથે ચડાવ્યો. રમજાન માસ દરમ્યાન રોજા રાખવાના આપના હુકમનું પાલન કર્યુ. પછી મક્કાની યાત્રા કરવાનું આપનુ ફરમાન પણ અમો બજાવી લાવ્યા. આ સઘળાથી આપને સંતોષ ન થયો કે આપના પિત્રાઇનો હાથ ઉગામી 'અલી તેનો નેતા છે જેના હુ નેતા છું કહી તેને અમારી પર ઠોકી બેસાડયા. આ સખ્તાઇ અલ્લાહની છે કે આપની?' પયગબંર સાહેબે પ્રત્યુત્તરમાં કહ્યું, 'અલ્લાહના આદેશ મૂજબ થયું છે જે માત્ર એકજ બળવાન અને પ્રભાવશાળી છે."

આ પ્રત્યુત્તર સાંભળતાંજ પોતાની ઉંટડી તરફ પાછો વળતાં તે બોલ્યો, "એ અલ્લાહ! મહમ્મદ કહે છે તે સત્ય હોય તો આકાશમાંથી મારા પર પથ્થર ફેક જેનાથી અસહ્ય પીડા અને રીબાવમણ થાય. ઊંટડી સુધી પહોંચ્યો નહોતો ત્યાંજ તેની પર પથ્થર પડયો જે તેના માથા પર લાગી તેના શરીરમાં ઉતરી ગયો અને તેનું તત્કાલ મૃત્યુ થયું.

ગૌરવશાળી અલ્લાહે આ ઘટના પર આ શ્લોક પ્રગટ કર્યો, "કુકર્મીઓ માટે જે સજા છે તેને કોઇ ટાળી નથી શકતું. અલ્લાહ ઉત્તમ સ્તરનો માલિક છે." (કુર્આન ૭૦:૧-૩)

## શું સુન્ની વિધ્વાનો આ ઘટનાને અધિકૃત માને છે?

આ પ્રસંગના સુન્ની અભ્યાસીયોના વિસ્તૃત અને સંક્ષિપ્ત વિવરણો આશ્ચર્યજનક છે. આ ઐતિહાસિક ઘટનાનું વર્ણન પયગંબર સાહેબના સહાધ્યીયોએ અને તેમના ૮૪ વેશજો તેમજ તે પછી ૧૪૦૦ વર્ષ પર્યંત (૧ થી ૧૪મી હીજરી અને ૭૦૦ થી ૨૦૦૦ ઇશુ વર્ષ) ઈસ્લામી આલમના સેંકડા વિધ્વાનોએ કર્યું છે.

અલ હકીમ અલ નયસાબુરી, અલ મુસ્તદરક અલા અલ સહીહય્ન (બૈરૂત), ગ્રંથ ૩, પૃષ્ઠ ૧૦૯-૧૧૦, ૧૧૩,૧૪૮, ૫૩૩. પ્રતિપાદન કરે છે કે સહીહમાં કરેલી નોંધ અલ-બુખારી અને મુસ્લીમના માપદંદ મૂજબ છે. અપનિષ્કર્ષને અલ ધાહાબી પ્રમાણભ્બુત ગણાવે છે. ● અલ-તીરમીઝી, સુનન (કૈરો), ગ્રં.૫, પૃ.૬૩૩ ● ઇબ્ન માજાહ, સુનન (કૈરો, ૧૯૫૨), ગ્રં.૧, પૃ.૪ ● ઇબ્ન હજર અલ-અસ્કલાની, ફત્હુલ બારી બે શરહ અલ સહીહ બુખારી (બૈરૂત ૧૯૮૮), ગ્રં.૧, પૃ.૬૧ ● અલ અયની, ઉમદત અલ કારી શરહ અલ સહીહ બુખારી, ગ્રં.૮, પૃ.૫૮૪ ● ઇબ્ન અલ અસીર, જામે અલ ઉસૂલ, આઇ ૨૭૭, ક્રમાંક ૬૫ ● અલ સુયુતી, અલ દુર્રલ મંસુર, ગ્રં.ર, પૃ.૨૫૯ અને ૨૯૮ ● ફખ્ર અલ દીન અલ રાઝી, તફસીર અલ કબીર (બૈરૂત ૧૯૮૧), ગ્રં.૧૧, પૃ.૫૩ ● ઇબ્ન કસીર, તફસીર કુર્આન અલ-અઝીમ (બૈરૂત) ગ્રં.ર, પૃ.૧૪ ● અલ વાહીદી, અસ્બાબ અલ નુઝુલ, પૃ.૧૬૪ ● ઇબ્ન અલ અસીર, ઉસદલ ગાબા ફી મારેફત અલ સહાબા (કૈરો) ગ્રં.૩, પૃ.૯૨ ● ઇબ્ન હજર અલ-અસ્કલાની, તહઝીબ અલ તહઝીબ (હૈદ્રાબાદ ૧૩૨૫) ગ્રં.૭, પૃ.૩૩૯ ● ઇબ્ન કસીર, અલ બીદાયા વલ નીહાયા, (કૈરો ૧૯૩૨), ગ્રં.૭, પૃ. ૩૪૦, ગ્રં.૫, પૃ.૨૧૩ ● અલ તહાવી, મુશ્કીલ અલ-અસર (હૈદ્રાબાદ ૧૯૧૫), ગ્રં.ર, પૃ.૩૦૮-૦૯ ● ઇબ્ન કુતૈબા અલ દીનવરી, કિતાબ અલ મારીફ (કૈરો ૩૫૩ હીજરી પછી), પૃ.૨૫૧ ● અહમદ બીન હન્બલ, અલ મુસ્નદ, ગ્રં.૧, પૃ.૧૧૯ ● અબુ નુઅય્મ અલ-ઈસ્ફહાની, હિલ્યત અલ અવલિયા, (બૈરૂત ૧૯૮૮), ગ્રં.૫, પૃ.૨૭ ● નુરૂદ્દીન અલ હલબી, અલ સાફેઇ, અલ સીરહ અલ હલબીય્યહ, ગ્રં.૫, પૃ.૩૩૬ ● અલ મુત્તકી અલ હીન્દી, કંઝ અલ ઉમ્માલ (હલબ, ૧૯૬૯-૮૪), ગ્રં.૧૩, પૃ.૧૩૧